ઠાકરલાલ બુલાખીદાસ બુકસેલર.
રીચીરોડ—અમદાવાદ.

આવૃતી ૬ ઠ્ઠી   પ્રત ૪૦૦૦.

અમદાવાદ.
શાહપુર નવીપોળમાં આવેલા શ્રી 'પ્રજાહિતાર્થ' મુદ્રાલય
પ્રેસમાં પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપ્યું.

સને ૧૯૨૦.   સને ૧૯૭૭.

કિંમત ૦-૨-૦.

ક બાદશાહ [illegible]

કે હાથમાં લઈ લાલ લાકડી ગોવાલણુ હોકે જાઉં રે;

કે બાદશાહ ઉતરે બાગમેં મેં શ્યામસ દેખન જાઉં રે.

કે હાથમાં લઉં ગુલાબછડી મેં માલન હોકે જાઉં રે,

કે ફુલફગરનો ઘાઘરો સાળુડે કસુંબી કોરરે,

કે કબ્જાં કાબી અણુવટ વીંછવા ઝાંઝરનો ઝમકારરે,

કે હાથે બાજુબંધ બેરખા એને દશે આંગળીએ વેઢરે;

કે કાને કલાકુશ શોભતાં એને ઝુમ્મક ઝાલરે.

કે કોટે તે પાટીયા શોભતા એને કંઠે અકાવળ હારરે,

કે લાલા તે ગજનું કાપડું એને ગજ મોતીનો હારરે,

કે કાને તે વાળીઓ શોભતી એને ટીલડી તપે લલાટરે,

કે બાલે મોતી પરોવ્યાં જાણે ઉગ્યો સુરજ ભાણુરે;

કે ખાટી મટકીમાં દહીં જમાયો દુધ બીયો મણુ ચારરે,

કે ચાલી ગુજરીયા દહી બેચનકું બાદશાહકે દરબારરે,

કે અધર હયે કાઇ મહીયર હયે કાઇ હોને મીઠડાં દુધરે,
કે સાસુ કહે તુમ સુણો ગુજરીયાં લશકરમેં મત જાવરે,
કે દીલ્લી શહેરકા બાદશાહ તુજે રખે ગોખલ માંહયરે,
કે સાસુનાં વાર્યાં ન કરે વહુ મહી વેચવાને જાયરે,
કે હાટે મોહ્યા હાટ વાણીઆ ને ચોરે મોહયા ચોપદારરે,
કે જે દેખે તે મોહી રહયા બાદશાહ સરખા માંહરે
કે ચલી ગુજરીયાં દહીં બેચનકુ ગાલી લાલ બજારરે,
કે સીપાઇ બચ્ચાને ચોકી લગાઇ જીવજાન હુવા હેરાનરે,
કે આપને લશકરમેં એસી મહીયારીને એસા ન કોનકા દુધરે,
કે બાદશાહકું તો ખબર હુઇએ ગુજરી દેખન આયારે,
કે અલીયાં ગલીયાં ક્યા ફીરના ગોરી બેઠો પડદા માંહેરે,
કે અલીયાંરે ગલીયાં બહોત ભલેરી તેરે પડદેકુ લગા દઉં આગરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમે સુણો અમેરી બાતરે,
કે હાથ કથીરમેં ક્યા પહેરના ગોરી પેરો સોના કંકરે,
કે હાથ કથીર મેરે બોત ભલી તેરે સોનેકુ લગા દઉ આગરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે કાળી કામળમેં ક્યા પહેરના ગોરી પહેરો દક્ષણી ચીરરે,
કે કાળી કામળ મેરે બહોત ભલી તેરે ચીરકું લગા દઉં આગરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે ઘેંશ છાશમેં ક્યા ખાના ગોરી ખાવને નાન પુલાવરે,
કે નાન પુલાવમેં ક્યા ખાના મેરા હીંદુકા અવતારે,

કે હીંદવાણી તું હરામજાદી બાદશાકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે મકના હાથી અજબ બન્યા ગોરી હાથી દેખન આવરે,
કે તેરા હાથમે ક્યા દેખના મારે ઘેર ભૂરી ભેંસરે,
કે ટંકે સવામણ દુધ કરે તારા હાથીથી જબરી મારી ભેંસરે,
કે દહી દુધકી નદી ચલાવું માખન બાંધુ પાળરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે મારો કુંવર અજબ બન્યોરે કુંવર દેખન આવરે,
કે તેરા કુંવરમેં ક્યા દેખના મેરા ગ.ચુંકા ગોવાલરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે મેરી સોળસેં રાણીઓ ખુબ બની તે રાણીઓ દેખન આવરે,
કે તેરી રાણીઓમેં ક્યા દેખના મેરે પાણી ભરે પનીહારરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે મેરા ઘોડા અજબ બન્યા ગોરી ઘોડા દેખન આવરે,
કે તેરે ઘોડેમેં ક્યા દેખના મેરે ઘેર ગવરી ગાયરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે મેરી મુછો અજબ બની ગોરી મુછોપર મોહી આવરે,
કે તેરી મુછોમેં ક્યા દેખના મેરા બકરા જેસા પુછરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,

કે કીયુ તમારૂ સાસરૂં ને કીયા પુરૂષ ઘેર નારેરે,
કે ગઢમાડલ મારૂ સાંસરૂને ચંદા પુરૂષ ઘેર નારેરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે કોણુ દેશની ગોવાલણીને શું તે તમારૂં નામરે,
કે ગઢમાંડલની ગોવાલણીને મેનાં ગુજરી મારૂં નામરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
બાદશાહ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે છોટી મટકીકા મુલ કરૂ તો તેરી સુધબુધ જાવે ભુલરે.
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે.
કે [illegible]હ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે.
કે દુ[illegible] મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે.
કે દુ[illegible] મટકીકા મુલ કરૂં તારી સોળસેં રાણીઓ કુલરે,
કે બા[illegible]હ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે તીસરી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે.
કે તીસરી મટકીકા મુલ કરૂં તેરા મહના હાથી કુલરે,
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે ચોથી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે,
કે ચોથી મટકીકા મુલ કરોને ગોરી ઉસકા કયા હોય મુલરે,
કે હીંદવાણી તું હરામજાદી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે તેરા રૂપ તો કીને દીયા જાણે સોનું ઘડે સોનારરે,
કે અલામીયાને મુજે રૂપ દીયા ને કરમ દીયા કીરતારરે.

કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણ ગુજરી તુમ સુણો અમારી બાતરે,
કે બડબડ સડબડ ક્યા બોલતી ગોરી બોલો સમજકી બાતરે
કે બકરબકડ ગોરી કયા બોલતી કોઇ થપડ લગાવું દોચારરે,
કે તું નવ જાણીશ એકલી મારા ગુજર ચડે નવલાખરે.
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે ગુજરી કેવે સુણ બાદશાહકુ તુમ સુણો અમારી બાતરે,
કે મારૂ તમાચા ને ઉડ જાય પઘડી મુંછડા હો જાય લાલરે,
કે ટકે ટકે તેરા ટટુ બેચાઉને દો કોડી તલવારરે,
કે બાદશાહકુ તો ગુસ્સા લગાને ડાલી બેડી માંયરે,
કે હાથમે ડાલી હાથકડીયાંને ઉસકુ હાથીપર બેઠલાયરે.
કે હાથીકા હોદેપર બેઠી ઉસકા કોઇ નવ લેવે નામરે,
કે બાહ્મણ વીરા વીનવુ તને આલુ હૈયાનો હારરે,
કે કાગળ જઇને આપજે મારા હીરા દીયરને હાથરે,
કે હીરીએ કાગળ વાચીઓને ગુજરી પડી બેડીમાંયરે,
કે ચદે કાગળ વાચીઓને ગુજરી પડી બેડી માંયરે,
કે હો પડી ભાઇ પડવાદો કોઇ એવી લાવીશું બે ચારરે,
કે વાણી બોલો ભાઇ લાલને નહી કાયરકા કામરે,
કે સુરા હાલસો સંગ ચલોને નહી કાયરકા કામરે,
કે કેશરીઆ ભાઇ વાઘા પહેરોને હોજાઓ લાલ ગુલાલરે,:
કે લથા હીદીઓ દોડીઓને ગયો ઘોડારની પાસરે.
કે તાંણી બાંધી તગડો ભાઇ ઢાલી મેલો લગામરે,
કે દીવડા જીનીને ઘેર આવુ તો રેવંત મારૂ નામરે,
કે હીરીઓ ઘોડે એકજ ચડયોને ગુજર ચડયા નવલાખરે,

કે હીરીએ પેઠા બેલીઓને પેઠી મારયા પચાસરે,
કે લેજે ભવાની ભોગ આતો ગુજર કેરો યોગરે,
કે ચડે ઘોડે બેડીઓને જાય દીલી મેદાનરે,
કે હીરીયો પેઠો શહેરમાંને કંદોઈ નાઠા જાયરે,
કે તોપોકી ધમરોળ હુઇને હુવા અંધારા ઘોરરે.
કે બાદશાહકુ તો ખબર નહીંને રયતત નાઠી જાયરે,
સુતો બાદશાહ જાગજે તારે નગર પડયો ભેંકારરે,
કે સુતો બાદશાહ જાગીઓ બાઇ કયા હોતા ધમરોળરે,
કે સુતો બાદશાહ જાગીઓને મુગલ ચઢયા બાણુંલાખરે,
કે તાંબાની નોબત ગડગડે ને જેના ધમકે વાગે ઢોલરે,
કે ફાગણ સુદ ચઉદસને દહાડે મામલો મચ્યો જોરરે,
કે ગુજરી હસીયે બોલીયાં ને બોલ્યાં એકજ બોલરે,
કે હીરીયો પહેરે કાંચળીને હથીયાર મુજને આલરે,
કે બાદશાહ સાથે એશી લઢું મેં મેરા જુગમાં હોજાય નામરે,
કે તરવાળે તાળા પડે ને બરછી ચાલે પાનરે,
કે અગાડી પછાડી દેગાવાળોને બીચમાં રાખો મેદાનરે.
કે વચમાં રાખો ગુજરીબાઇને જે જીતે તે લઇ જાયરે,
કે હીરીયોને ચંદીયો બોલીયા રાજા સાંભળો મારી વાતરે,
કે પહેલો ઘાવ તમે કરોને અમે તમારી રયતરે,
કે પહેલો ઘાવ બાદશાહે કીધો ગુજર લશ્કર માંયરે,
કે હીરીઓને ચંદીઓ ગુસ્સે થયા જેમ બકરામાં પડયો વાઘરે,
કે તલવારોની તાળી પડેને લોહીનો વરસ્યો મેઘરે,
કે તમારી ગુજરી તમને મુબારક ગુજરી અમારી બેનરે,
કે ત્યાંથી ગુજરી ચાલીયાંને ગયાં સાસુના ઘેરરે,

કે સાસુ ગેણું બોલીયાં વહુ જાઓ બાદશાહને ઘેરરે.
કે આ વહુઅરને જવાદો હું બીજી પરણાવું કાલરે,
કે આ વહુઅરને જવા ન દઉં મારા ગુજરની પત જાયરે,
કે ત્યાંથી ગુજરી ચાલીયાને ગયાં નણંદને ઘેરરે,
કે નણંદલ મેણાં બોલીયાં ભાભી જાઓ બાદશાહને ઘેરરે,
કે ત્યાંથી ગુજરી ચાલીયાને ગયાં તે પાવાગઢરે,
કે પાવા તે ગઢમેં અલોપ હોગઇ મહાકાળી કહેવાયરે

મીસરી.

કે આઠ કુવા નવ વાવડીજી સોલસેં પાનીહા હાર, ઓ મીસરી,
કે ઉસમે કુન ગોરી પતલી ઓ મીસરી પતલી કમર લંબે બાલ,
કે પાટ ગડુલો રેટીયોજી પધડી લાલ ગુલાલ,
કે કાંતનેવાલી પતલીઓ મીસરી લળી લળી નાખે તાર,
કે એકીની એરી કરૂજી કરૂ કેડાની કમાન,
નઇણાના એ ભલકા ઓ મીસરી પાકુ ચતુર સુજાણ,
કે ચતુર પુરૂષની ગોરડીજી હશી હશી ઉતર દેશ;
મુરખ પુરૂષની ગોરડી ઓ મીસરી રોઇ રોઇ ઉતર દેશ,
કે હસત જાનન ખસવજી રૂવે તો કજલ હો જાય,
એસો પીયારો માગે સાથમો ઓ મીસરી સાંજ પડે ઉડ જાય,
કે દાડમ સુકે દહાડીએ ઘેર સુકાય પર નાર,
બાપ ઘેર સુકાય બેટડી ઓ મીસરી હેણા પુરૂષ ઘેર નાર.
રાજવણ બેઠી રાજમેજી ખબે ઉધાડા કેશ,
કિસ જોબનકે કારણે હો મીસરી દીધી બેકાતી લેશ.
કે તેરી હીલીમેં મેરા આવના તેરે મેરે કાયકા સ્નેહ,
તેં ચમકાવી વીજળ ઓ ધોબીડા મેં વરસાગો મેહ.

કેઇ મારી સાહેલીએ મોળગ્યો હો મીસરી નીત ઘર જુલી જાય,
કે હાથના કથવારા કરજી નેણસે લીયોરે બોલાય,
સમજાગ્યો સમજે ઓ મીસરી મુરખ બેડો ગમાર,
પાલણપુર દીવડો બળેજી કાજગ પડેરે સનેશ,
કે આંજનવાળી પતળી ઓ મીસરી મુલક વસે મેવાડ,
કે કોયલને કેમ મારીએજી આંબાની રખવાળ,
મારીએ હરામી સાંઇઓ ઓ મીસરી અણુ ચાખ્યા ફળ ખાય.
કે ગોરીને કેમ મારીએજી સેજની રખવાળ,
મારીએ હરામી સાયબો હો મીસરી સેજ ખરાબ જાય,
કે માણેકચોકકે બજારમેંજી વેચાય લાલ કમાન.
કે બેંચનવાલા ઘર નહી ઓ મીસરી કાસપર કરે ગુમાન,
કે માણેકચોકકે બજારમેં હીરા લાલ વેચાય,
ચતુર હોય સો મુલવે ઓ મીસરી મુરખ ફેરા ખાય.
કે નદી કીનારે મુડદા જલેજી લુવા ન પ્રગટ હોય.
મયા ન જોબન સાંપડે ઓ મીસરી મુવા ન જીવે કોય.
પ્રીત કરીયે ઉંચથજી સદા ન જુદા થાય.
નીચથી કયા કરે પ્રીતડી ઓ તીસરી સદાય મેણું ખાય.
કે કાંકણુ કુવો ગોડાવીએજી રેંટ કરે મેવાડ
સીંચનવાળી પાવાગઢ વસે ઓ મીસરી જેનો ચંપોપીએ પરસાળ,
પ્રીત કરે દોજણેજી માળીને રંગરેજ.
રંગરેજ લાવે ચુંડદીઓ મીસરી માળી લાવે ફુલ,
કે ફુલમેં કયા પહેરનાજી ધુપ પડે કરમાય.
બલી બીચારી કલીયાં ઓ મીસરી સાંજ પડે ખીલ જાય.
કે ચુડીમાં કયા પહેરનાજી બુંદ પડે રંગ જાય.

ભલો બીચારો શાળુડો ઓ મીસરી ધોએ ધોએ રંગ રહે.
કે ખેતર હોય તો ખેડીએજી ડુંગ ખેડા ન જાય,
કુવા હોયતો ગાળીએ ઓ મીસરી સમુદ્ર ગાળા નવ જાય,
કે કાગળ હોય તો વાંચીએજી કરમ વાંચ્યા નવ જાય
કે મારા કંથારનો ઘોડીલોજી દીઠો કલાલને હાટ
કે દારૂડીનો છાકયો મારો સાહબો ઓ મીસરી ગયો કલાલને હાટ
કે નહી તારા સાહેબાને ભોળવ્યોજી નહીમેં લાયોરે બોલાય,
કે દારૂડાનો છાકયો તારો સાયબો ઓ મીસરી ગયો કલાલને હાટ
કે મારા કંથારની મોજડીજી દીઠી કલાલને હાટ.
કે દારૂડાનો છાકયો મારો સાયબો ઓ મીસરી ગયો કલાલને હાટ.

મુસલમાની બાર માસી.

સુનીઓ સખીરે સઇયાં મુજ દરદકીરે બાતાં
સાજનને મેરે શરીરપર કયા કયા કીઇ હે ઘાતાં
મુજકુ એ દે દીલાસા સાજન કીદર ગએરે.
પરદેશમાં જાકર બેઠે મુજકુ બીસર ગએરે,
ઠેરાવથા મીલનેકા આવતે મહીને અંદર
આશા મેં રખકે બેઠી સાજન મીલંગે આકર,
અવલ જો મહીના આયા વો કારકીત કીલાવે.
સાજન મુજે મીલે ના રોના મેરા ન જાવે;
અફસોસ ને નીસાસો ફીરતી ફીરૂ એકલી,
સાજન બીન રે સહઅાં ગમતી નહી હવેલી,
લાલી મુખે રંગાકે સાજન કીદર ગએરે
કીના મુજે દીવાની કોઇ મુલક જા રહેરે.
કાગજ લીખુ પીયાપે જાને ન કોઇ પાસે,

મુજ દરદીકી સાજનકુ જા સુનાવે,
કારતીક મહીના સારા રૂચ બીચપે ગમાયા
સાજનને છોડ મુજકુ કીસ સાથ દીલ લગાયા,
માગ ર મહીના ફીર દુસરા હે ભારી.
સાજન બીના કયે મેં દીન રાત નેન જારી.
ધ્રુજુ ખડી થંડુમેં ઇતના જુલમ સો કયારે.
મે મુન તજે દરસી કીનો કરમ પાયારે,
દુબલા બદન શો મેરા, થંડ કીસ તરે સાંગી;
સાજન બાના એકલી દુખ કીસકુ જા કહુંગી.
સાજનને છલ કપટકર, હમ સાથ વરક જાય;
માલુમ મુજે હુવા શુ, મીલના હજુએ મોડ.
દો માસ ગયે ગુજર કર, તીસરા એ પોસ બેઠા,
દરશન દીખાવા સાજન દીલકુ રખુ મેં હેડા.
એ પોસડીરે ઠંડી, મેં કીસ તને નીકાલુ,
જોબન મેરે જુવાની; કહો કીસ તને નીકાલુ,
માનત કરી બે તેરી ચલોયા કછુ ન મેરા,
મેં મુન તુજે તરસતી, દેખુ મેં દરસન તેરા;
દીન હો ગયારે છોટા, લંબો સો રેન ન જાવે.
આંખો મેં નાચ દેખુ, સપને પીયુ ન આવે;
એ પોષ મહીના ગુજરા, જલાયો મે રાજયારે,
સમજા રખુંગી ટીલકુ. મોહે પીયા મીલોરે;
એ મા મહીના ચોથા બીકી હે ફુલવાડી,
સાજન બીના એકલી મરતી હુ ફતેમારી,
નીરગીસને બેલ મરવા, ચંપા અને ચંમેલા

પ્રીતમ બીના એ કુચના, રોતી ફીરૂ એકેલી
ગુલ દાઊદીને લાગ્યા એ મોધેરા હજારા;
સારા બગીચા ખોટા, પ્રીતરસ હે જુહારા.
દરશન દીખાવો સાજન, કીતનાક મે કહુ રે
દીન રાત મે તડફડતી હુક નીંદ કર સહુ રે,
એ ઠંડ સબ ગુજારી શીઆલા હુવા પુરા.
ચોથા મેના ગુજરા, દીખલાવ અજ જહુરા.
ફાગુન એ પાંચવેકી ધુંપ પડે હું ગરમી;
સખીયા સબી આપસમે ખેલે પીયારસે હોરી,
અત્તર ગુલાબ ફેંવતીએ નર કરી હે ચોરી;
ધુપ પડે કડાકડ પાંઉમે પડે ફફોલે,
હર બખત મેં પુકારૂ, સાજન મુઝસે ન બોલે;
ચઈતર છઠેકા મુજકો દિલમેં હે ઘાવ કારી
દેખું દરસ સલુણા જાઉ પીયાપે વારી,
ઠંડક કીદર ન પાંઉ ખુબ અગન બરસતી,
સાજન બીનાકી આગ મે મર જાઉં તરસ્તી,
ખુરબાન હુ દીલમે મર જાઉં તરસ્તી;
સખીરી મેરે બદનમે બાકી ન કુચ રહીરે,
અફસોસમેં પીયા કે આધા બરસ ગયારે;
દીન હોયગારે લંબા દુખકા નહિ હે છેડા;
હર બખત મેં પુકારૂ સાજન કરો સવેરા
બઈસાક સતવેંકા ગરમીસે ઝાડ સુકે,
ધુપ પડે ગજબકી પાની બીના હે લુખે
પવે સબ ઝડ ગયેરે ઝાડાં હો ગયે હે ખરી.

થુર હો ગએ દંકુલેરે ગઇ બાકા તુડાલી;
ઝાંડુમે ફુલ આએ કીતને આમ મોર,
નીલા જંગલ હવારે, મોરાં કરે ચકાર
નીલા જંગલકું દેખી, ફીરકર રખી એ આસા,
સાંતુ એ મેના ગુજર આખરપડેગા પાસા;
એ જેઠ આઠવેકા મુજપર બડી હે સખતી,
પથર નકળ હરીયે, એશી સેં કયા ન ભકતી;
જંગલમેં હર જગોપર, કોયલને મોર બોલે,
પીયુજીકા નામ મીઠા લીંબુ સકરસેં ઘોલે.
શુખત્યાસે બીલડમે, કીસને ન ભેદ પાયા,
હરએકકુ જા પુછું સાજન કીને હેં પાયા,
રોતી અને રઝળતી મે જેઠ બી ગુમાયા;
સજનને મેરે શીરપર ઢુંઢ ન રખીરે માયા,
દાદુર અને બપઇઆ, મેઢકસી ધુમ લાયા,
બીજલી કરે ઝબુકે મેહુવા અષાઢ આયા,
નવમે અસાડ કેરે બાદલ હુવારે કાલે.
રાતી મીલી અંધેરી સબને એ ગર સમાલે;
બાદલયું ગાજતા હે જયું બાજતી હોબત,
સાજનમે મેરે ઉપર નુ ઢુંઢ રખીરે મોહોબત;
નદીયાં તળાવ નાલે સબમેં ભરાહે પાની,
ગરજે ગગન દીમકસે, મેં હો રહી દીવાની;
નવમા અસાડ ગુજરી સજન સો ના મીલેરે.
ઠંડક પડી સાબુસે, મેરા બદન જલેરે,
દલમે સરાનકી, લગી રહી ઝડીરે.

પીઉજીકે નામ ઉપર સમરેન સરૂ કરેરે;
ભાદર ફકીર બીનાદર ફરજંદને સખીરે,
મેરા દીઉ લગા પીયાસે રોરો કે મેં થાકીરે,
નદીયાં તલાવ તાલે તીનું બ્યે હે ભેલી;
પીયા બીના એકલી મેં હે રહી હું ઘેલી;
ખેડુત સબ ખુશી હોરાં હુવે તાજે,
સાવનમેં આ માલોરે દીન હો ગએ હે ઝાઝે.
ભાદો અગીઆરવેકી, આરે ઘઢા બનીરે;
હુડું નીશી ઘમ કયા હે મેરા હરીરે,
આઈ નકી ફજલપે એસી નથી નવાબ;
સાજન મેરે ન આએ કીતી અરજ નવાબ;
પાકે સબી અજા જ્યાં ખેતુમે-મોહે મલે,
ટોહુકે હાથ સેતી લગને જશને ભાલે
સખીયાં સખી આપસમેં ખેલે પીયાસે મીલકર,
મેં હો રહી એકેલી જાઉ કીદર મેં ચલકર,
પ્રીતમને કર જુદાઇ મેરા બદન જલાયા,
ભાદો ભયા ગુજરકર આસો એ માસ આયા;
આસોએ બારવેકી મુજકુ બડી હે આશા;
પ્રીતમકુ અબ મીલનકા મુજકો બડા દિલાસા,
મુજ દિલમેં ખુબ ખુશાલી પ્રીતમશો અબમેં પાઉ;
સાજનકે ખુબ બડાઇ બેઠી મેં ગીત ગાઉં,
કપડે હે સબ જરી તનકે ઉપે ખેરાત કીએમેં,
પીઉજીકે નામ ઉપે ખેરાત કર દીએમેં.
પના હે સબ જરીના છટકા ગુલાબ તનપર.

બીજલી જા ખડી પીતા કે મનપર;
સાજનકી. કુડી નજરસે કુછ તાજગીને લાલા,
કુરાઅને હે પદીયાં સબસે બની મેં આલા;
શેનદીનમે દીવસે કીને કલામ પુરા.
કરીઓ ડરમાં કરીમા દીલ હો ગયા હે શુરા,
પરવરરે દેગાર મુજકુ નેકી ઇમાન દેજો;
ઉમેદ હોગી દીલમે ઝીનત નપી બાકીજો,
છોડો ગુમાન યારો ડરીએ કછુ અઝલસે,
કરીઓ કછુએ નેકી બક્ષ ખોદા ફ્જલથે,
અહમદ નબી હે મહમદ બરહક દોસ્ત સબકા.
નબીકે ટલશે શેતી બેડા હે પાર સબકા,
રહેમ ચાનો દીલશે કલમા પડો નબીકા.
કરીયો નિમાજ રોજે છુટકા સોહે સદીકા,
સીબાત રાદક દાલુસે સારી જુબાન ખોલો;
નબીકે નામ ઉપર હરદમ દરંદ ખોલો.

બીરહ બારમાસી.

હમકુ છાંડ ચલે બન માધુ, રાધા શોચ કરે બનમેરે.
હમકુ છાંડ ચલે બન માધુ.
ઞગત અસાડ ઉમંગ દોઉ આવો; બીજલી ચમકે ઘનબ.
હલમેરે, ચમક ચમુક ચારૂ દેશ નીહારૂ, હજુએ ન આવે.
બિંદ્રાબનશેરે. હમકુ છાંડ ચલે બન માધુ રાધા. હમકુ૦
શ્રાવન શામી અતી છલ કીનો પ્રીત કરી કુબજાસંગ જારે,
કુબજા શોક જનમકી બેરન હમશે બેર લીયો છીનમેરે,
ભાદરવે ભગન કુશી સબ ઢલીયા નહો કુશ્રો દેનકી કલીયારે.

જીન કલીયનમે ભમર બસતહે શો કલીયાં પીયામાં; હે બશીરે,
હમકુ છાંડ ચલે બન માધુ. રાધા૦
આસો કમળ નીરમળ ભએ ચંદા, પીયા નહી આવે મેરે.
આંગનમેરે, દરશ દેખાય પ્રભુ આરે બીલમ રહે, હમ.
કલપાંત કરૂ મનમેરે, હમકુ છાંડ ચલે બન માધુ; રાધા૦
કારતક શોક કરે સબ સખીઓ, રાધા શોચ કરે બનમેરે.
ઉધવ સ્વામી જનમકે કપટી કપટ રહયો જીનકે મનમેરે,
હમકુ છાંડ ચલે બન થાધુ૦
અનહદ ગેદ બનાયો સખીયાં જોય પડયો જુમના ત્રામેરે,
ખેલત ગેદ ગીરી જુમનામેં, તબ કાલીનાગ નાથ્યો છીનમેરે.
હમકુ છાંડ ચલે બન માધુ, રાધા૦
પોસ માસ રૂતુ અલાપ કરતહે સુખકુ ન લીની મનમોહનરે.
જોમન હોકર બન બન ઢુંઢું, ઢુંડત ફીરૂ બીંદરાબનમેરે,
હમકુ છાંડ ચલે બન માધુ. રાધા૦
માઘ માસ જબ લાગો સખીરી હોત બસત કંથ ઘર નાહીરે
સુમરીન હાર ચલે ત્રગછલા ઘર ઘર અલખ જગાતીફીરેરે.
હમકુ છાંડ ચલે બન માધુ રાધા. હમકુ૦
ફાગણ ફાગ ખેલત સખીઅનરે ઘર ઘર ડફ બાજત રહયોરે.
હમારો ફાગ હરયો કુબજાને કુબજા બસી ઉનકે મનમેરે.
હમકુ છાંડ ચલે બન માધુ. રાધા. હમકુ૦
ચઈતર લતા ફુલી સબ વનમેં આવત સુગંધ સબ ફુલનમેરે.
મેરે શીતળ મંદ સુગંધ સદા નીજ આવત હે શ્રી બીંદાબનમેરે.
હમકુ છાંડ ચલે બન માધુ, રાધા૦ હમકુ૦
લગત વઈશાખ એશા સબ કીને લેહર ઉઠે તન જોબનમેરે

મોર મુગટ મોહનકી છબી બસત રહત ઇનકે મનમેરે.
હમકુ છોડ ચલે બન માધુ રાધા૦ હમકુ૦
જેઠમે જવાળા કપે સબ ધરતી બીહર અગન લાગે વનમેરે,
બીન ઘટશામ બુજે જતન નહી અમસે લાખ બુજાવન અસુવનસેરે,
હમકુ છોડ ચલે બન માધુ. રાધા. હમકુ૦
પુરન માસ પ્રભુ ઘર આયે આપ મીલે હરી કુંજનમેરે;
સુરદાસ મથુરકિ બાશી પુરન કાજ હુએ મનુકેરે.
હમકુ છોડ ચલે બન માધુ રાધા. હમકુ.

વિંછી વિષે ગરબી.

અરરર માડીરે છાણાં તે વીણવા ગયતી	મા૦ વી૦
અરરર માડીરે સોબત બ્હેનની થઇતી;	મા૦ વી૦
અરરર માડીરે છાને માને લપાગો,	મા૦ વી૦
અરરર માડીરે વાંકો વળી ડંખ મારગો,	મા૦ વી૦
અરરર માડીરે નાસતાં તેને ભાળગો,	મા૦ વી૦
અરરર માડીરે આશી લેહેરો આવી;	મા૦ વી૦
અરરર માડીરે સહીયર તેડી લાવી.	મા૦ વી૦
અરરર માડીરે સમરાને તેડાવો,	મા૦ વી૦
અરરર માડીરે ખડદાને બંદાવો.	મા૦ વી૦
અરરર માડીરે સસરો અહીંયાં આવે,	મા૦ વી૦
અરરર માડીરે ગાડી બેસવા લાવે,	મા૦ વી૦
અરરર માડીર કાળુપુર લઇ ચાલો.	મા૦ વી૦
અરરર માડીરે રેશમણુ બોલાવો.	મા૦ વી૦
અરરર માડીરે વીંછુડે વેર વાળયાં,	મા૦ વી૦
અરરર માડીરે હરખ હઇયાના ટાળયાં,	મા૦ વી૦

અરરરર માડીરે ભોજનીયાં ન ભાવે, મા૦ વી૦
અરરરર માડીરે સુતાં નીદ્રા ન આવે; મા૦ વી૦
અરરરર માડીરે ઓરડામાં ઢોલીયા ઢળાવો. મા૦ વી૦
અરરરર માડીરે શીરો તે કરાવો, મા૦ વી૦
અરરરર માડીરે પરણ્યો કોળીયા ખવરાવે, મા૦ વી૦
અરરરર માડીરે વીંછીની વેદના ભારી, મા૦ વી૦
અરરરર માડીરે હોશો રહીજે મારી, મા૦ વી૦
અરરરર માડીરે વાત તે સહુ જાણે, મા૦ વી૦
અરરરર માડીરે શું હું કહું આ ટાણે, મા૦ વી૦
અરરરર માડીરે ચકર વાલે ચીત ચાય, મા૦ વી૦
અરરરર માડીરે ગરબી રસીક ગાય,

બોડાણાની ગરબી.

હરી દવારકાસે ધાયે ભકત ખાતર ડાકોર આએ બોડાણા કે
મનને ભાવે, હુએ પરસન જાવો દરખનને. ટેક,
સુણો એક દીનકી બાત, બોડાણાને જોડે હાથ. ચધના ચહ્એ
મેરી સાથ પ્રભુ ડાકોરકુ (ડાકોરકુ)
સીવેર બરસ સેવા કીધી, પ્રભુ લજ્જા રાખી મારી,
મેંતો બાત કહેતા, ખરી સમજુ દીલકુ સમજે,
તુલશી જમખે હાથમેં બોય જાકે હરીકુ ચઢાય.
સીતેર બરસ સુણુ લે ભામે માલમ સબકું,
કીએ સેવામાં દરશન હુએ બોડાણો પરશન,
ઓય કહેતે કીરશન લે ચલ હમકું, લે ચલ.
હુકી ગાડીકુ મંગાતે ચાલો આધી રેનકું આતે,

પીછે કાળે દોડે ધાતે, કોઇ જાણે. સુખ૦
હરિ દ્વારકાસે ધામ૦
પુજારી દેખ મંદીર જાય, હરિ નહિ જીનકું પાય,
પીછે સબ દોડે ધાય, હરી કાજ ગએ, હરી૦
ડાકોર ભયે ગીરીવરધારી, રૂએ ગુગલી નરનારી,
દુખ દે ગએ મોરારી, કીને અરપાએ. કીને૦
દ્વારકામેં હુઆ સોર. લે ગએ ડાકોરકું ચોર;
દેવળ ઉપર રૂવે મોર, હજી નહી આએ. હજી૦
મનમે સમજે ગોપાળ, ખડે લીમડેકે છાડ;
કડવી મીઠી કીધી ઢાળ, વીસે ચલ દીયા. વીસે૦
કાળે પીછે દોડે આય, હરી ગોમતીકું જાય,
એસે બોત દુખ પાય શ્રી ભગવાનને,
બરછી જલકે અંદર ડાલી, વાં બેઠે ગીરધારી;
ખલક રહે કીલકારી, અબ વાં મરના, અબ૦
બરછી ડાલી તેની વાર નીકલ લોહુકી ધાર.
હુવા ત્યાં ઉનપાત, રૂવે બોડાણા, રૂવે૦
એસા મન કરી ઉતપાત, લખી હરી એકી બાત,
તોલો સોનીકા સાથ. ઓઇ સન માને. ઓ૦
લખી પકા શરૂ પાય, સોના સાટે તીન મન આય;
એતે ભારે થાય, ઓ કયા જાને.
હરી દ્વારકાસે ધાયે, ચો૦ ૨
કેવે બોડાણા મહારાજ, કેસી રહેવો લાજ મેરી;
કાંટ થંગાયા આજ, મુખસે બોલો, મુખસે૦
હરી નીકલે બહાર, બેઠે કાટેપર સાર.

દો ડુબનકે બાર હરદમ તોસો. હર૦
વાલી સોપકી મંગવાઇ, સલા વાલકી કેવાઇ.
બરી કાંટેકી માંહી, ઓર નીકાલો. ઓર૦
હરી કમતી હોવે કાબા સબ મીલ રોવે,
સોના દેખકે મોવે પીછુ ચલના. પીછું૦
હવે ભકતીમે ભાન ચાવો મુખસેં પાન,
કાબે હવે બેઇમાન બડેબડે શાને. બડે૦
હરી દવારકાસે ધાએ. ચો૦ ૩
પુનમ કારતકી આતે મેલા બારી ભરાતે;
સબ લોક દરશનકું જાતે શોભા બારી. શોભા૦
સુરત અમદાવાદ ઓર મીલી ગુજરાત;
તરે તરેકી જાત ઓર નરનારી. એ ર૦
મોર મુગટ જામા પેન પ્રભુ ચલતે સેન.
મુખ બજાતે બેન; ગીરીવર ધારી. ગીરી૦
રામ લક્ષમણુ દોનુભાઇ ખડે બાજુ પર આઇ;
સંગ રાધાકા માઇ જાઉં બલીહારી. જાઉં૦
કવી ચુનીલાલ છંદ ગાવે હરી ચરણુ ચીત લગાતે;
છંદ દીલસે બનાતે ધરતે ધ્યાન. ધરતે૦
હરી દવારકાસે ધાએ. ચોર૦

કાળી ગોરીની લાવણી.

ગોળી ગોરી દોનુ લડતી ધકે વરભીયું સમજાતી,
કયુરે કાળી બીચારી ગોરીકુ કયું ધમકાવતી,
ગોરી કરેતી સુનએ કાળી ગોરી પદમણી નારીમે,
ગોરી સુરજહે ઉજડે ઉજલા હોતા સારી દુનીયાંમેં.

ગોરા ચંદરમા ગોરી બીજલી ચમક રહી ઘન બાદલમે.
ગોરા પાની બરસતા ઈંદર સારી દુનીયામે.
ગોરા સોના ગોરી ચાંદી ગોરા હીરા મુજ નથનીમે,
ગોરા ગેના કાળી ખડી સારી તનમે.
ગોરા સેંથા જરીકી સાડી, કાલી નેન નખરે કરતી;
કયુંરે કાલા બીચારીકું કયું ધમકાવતી
અબ કાલા કહેતી સુનએ ગોરી તું મીજાજકી બાતાં કરતી;
કાળી બદલી ચડે જદ પાનીકી બીરસા હોતી.
કારી રાત જદ પહેરે ધોરી, સબ દુનીયાં શોખ કરતી;
કાળા કાજલ ગોરી, નેનમે અંજન કરતી;
ગોરીકુ મુખે ઘેના રાતી લહે દાંતુમે મીસી ધસતિ;
કાલી બંદુકમે ગેના ધરતી, ઉપર કાલી તાલા દેતી. કયુંરે કાલા
અબ ધઉંવરની કહે કારી ગોરીકુ મેરી આસ સબદુની.
આ કરે ધઉંકી રોટી ઓર શીરા ચુરમા સબી કરે,
ધઉંકા ઘેબર ઓર જલેબી છતીસ ભોજન ખાયા કરે.
કારી ગોરી દોનુ અપના પેટ ભરે.
કાલી ગોરીકા હાથ પકડકે, ધઉંવરની યું સમજાતી કયુંરે કારી.
ગોરી ધઉંવરની તીનુંકા ઝગડા તુરન ગીરયુ સમજાતા,
અબ મત લડના ચલો તીનું અપને રસ્તે.
અમભોજન ગુનીજન ગુનીસાગર પ્યારે ચંદ છંદકુ કહેતે,
ગોવીંદરાવજી સભામે નીત નવા છંદ બનાવતે.
ધઉંવરની કે સુધડ નારી, જીનકુ એની ચંદ કહેતે, કારી
ગોરીકા હાથ પકડકે આપને ઘેર ભીજવાતે,

પ્રતાપધડ ગુલજાર અખાડા તુરેવાલેકી ખુબખતી,
કચુ કારી બીચારી ગોરીકુ કચું ધમકાની.

ભદ્રકાળીની લાવણી.

ધન્ય ધન્ય ભદરકાળી મેં નજરે જોયાં બાળી,
એ ત્રણ દરવાજાવાળી મેં કરયાં દરશન;
જેની શેભાનો નહી પાર દરશન કરે નરનાર;
દીસે ભદ્ર ભયંકાર હું થયો પરશન ૧
સહુ જાએ ભદ્રને દેરે લોક શ્રીફળ વધેરે,
માતા સણગાર પેરે શોભા છે રૂડી,
મંમાયા રૂપે કાળી જગતની દીન દયાળી,
કંઠે ગજરા નાકે વાળી, એને હાથે ચુડી. ૨
હું જોવા ગયો ચાલી મા ઉભી ખડગ ઝાલી,
એણે હાંસડી તુસી ઘાલ્યા પહેરયાં ચીર ચોળી;
સહુ જોવા જાજો સાથે ધુધરી પુંચી બાંધી હાથે,
શોભે મુગટ માથે એવી ભદ્ર ભોળી; ૩
માને શણગાર ચડયા છે પુંઠે તકતા જડયા છે.
દવાર પીતળે મઢયાં છે દેવી છે સનમુખ,
જોતાં અકલ થઇ જાય માંડી મેં જોયું નજર માંડી.
અંદર લટકે છે હાંડી બહાર એક ઝમરૂખ ૪
ત્યાં થાય ઘંટનો ધમકો માનો વાગે ઝંઝર ઝમકો,
ત્યાંથી ભકત કરે છે ઠમકો સૌ સેવક જાચે
ગુનેગાર પકડે કાન અને થેઇ થેઇ નાચે. ૫

ત્યાં ગારદી ઘણા ફરે આખો દીન પેરા ભરે,
આની ખુબ ચોકી કરે આખી રાત જાગે.
હું મંમાયાને માનું એનું નથી કાંઇ છાનું,
કાળી પુંઠે દેખાનું ત્યાં બેડીઓ વાગે,
ઉપર ઘડીયળ છે ઠેઠ ગારદી બેસે છે હેઠ,
સાંજ પડે થાય પેટ, ત્યાં હાજરી લે છે.
શુકર વરે થોકાથોક રવીવારે ટળે શોક,
રાજે જાય લાલાલોક, તે ત્યાં ઉભા રહે છે,
અમદાવાદ સારૂ શહેર મંમાયા કરજે મહેર,
સઉને થાય લીલા લહેર હું એટલું માગું,
કહે છે વલભ સુરજરામ જુએ રાયપુરમાં મુકામ,
પખાલીની પોળમાં ઠામ, હું તો પાય લાગુ.

ગરબી.

મીઠડા ગોરસ લ્યો ગોરસ લ્યો;
તમે ગોરસના ગીદધારી, મીઠડાં.
ફરિ તરૂ ગોરસ લાગે છે મીઠું, હારે તારે બાપે જનથારે
નથી દીઠુ, મીઠડાં ગોરસ લો ગોરસ લ્યો,
સરસ્વતી માતાને વીનવું ગણપત લાગુ પાય, અલબેલી
અંબા આશ પુરજો, ગુણ શીવક તમારા ગાયરે. મીઠ. ૧
પથર ફુટી થઇ પ્રેમદા ભોજન કરતાં ગ ય. અડધુ અંગ
ફરે કુંડડી તેનુ એઠું સઉકો ખાયરે. મીઠ. ૨
નાની છું નખ જેવડી અલ્યા કડવાં વેણ ન બોલ,
કુંછું વખની કુંપળી, તને મારીશ પડેલે પડેલે, પહોરરે. મી. ૩

ટુંકે પાને આંબલી લાંબે પાન ખજુર, ઢોંગાળા નર વહી
ગયા, મારે માથે ભાગયો મજુરરે. મીઠ. ૪
કાચી તો કેરી ઝુની પાકાં ભલેરાં પાન, માયા તો મનની
ભલી, નહી ખેંચી ભલેરી કમાનરે. મીઠ. ૫
પાટણ પેટી દોમુખી, નારીજ નામે નામ, તે નરને ચાહે
ઘણુ, એને ફેલ સંગાથે કામરે. મીઠ. ૬
કોણે હીમાળો શેવીઓ, કોણે શેવી આગ, કોણે કરવત
મુકાવીયાં, કઇ નારીને કાજરે મીઠ. ૭
કાથે હીમાળો શેવીઓ, ચુને શેવી આગ, સોપારીએ કરવત
મુકાવીયા, એનો નામ કેલને કાજરે. મીઠ. ૮
એક અંધારી ઓરડી, બીજી વેરણ રાત, ત્રીજો શોકનો
દીકરો, એનો ઝગડો લાગયો આખી રાતરે. મીઠ. ૯
માથા કેરા ગોફણો, હૈયા કેરા હાર, હઇડે કરુ દીકરો
એને રાતે કરુ ભરથાર મીઠ. ૧૦
પારે નાચે પારવડાં હઇડે નાચે મોર, પરણ્યા એટલા માનતી
પીટયા કુંવારા હરાયા ઢોરરે મીઠ. ૧૧
ચીર ફાડી ધજા કરુ, કંકણ મેલુ નીશાન, ઉતર ગુડ આ લાગીઆં
તારો પેઉ પોઢયો મશાણરે મીઠ. ૧૨
મઢુડે માળો ન ઘાલીએ લીમડો લેહેરો ખાય, પારકો પુરુષ
ન શેવીએ એતો પરોઢીએ ઉઠી ઘેર જાયરે મીઠ. ૧૩
નહી બાંધુ નવ ડાંડીએ સમુદ્ર બાંધ્યો નવ જાય, તુજને
બાંધુ વડોદરાને ગાંદરે તારી ફુઇ ઓડાવાને [illegible]રે મીઠ. ૧૪
કાળા ગજકણનું કાપડું માંહી ભરયું છે હોર, ઘરનો ઘણી
પીટયો હીજડો મારો પાડોશી બાવનવીર મીઠ. ૧૫

સોપારી વખાણું સોરઠી જેના લીલાજ પીળા રંગ,
સ્ત્રી વખાણું પાતળી જેનાં વાળ્યાં વળે છે અંગરે   મીઠ. ૧૬
ઉંચી ગોરી ઉજળી જળ ભરવાને જાય; કાંટો વાગ્યો પ્રેમનો;
તેતો ઉભી ઝોલા ખાયરે,   મીઠ. ૧૭
ગાંડી માથે બેડલું માંકડ કાડે હાર, જુલારી પાસે તાણું રહે;
તેને જાતાં કેટલી વારરે.   ૧૮
અંગ કાળું દાંત ઉજળો, ચાલે ધમર ચાલ;
સાસુ વહુને દીકરી. એ ત્રણનો એક ભરથારરે.   ૧૯
બાપે જનમી બેટડી બેટડીએ જનમ્યો બાપ,
કહો મારા ઠાકોરો એમાં બેટી ભલી કે બાપરે.   ૨૦
જળમાં પેશી ઘર કરે જહમાં બેસી નહાય,
મસ્તક વાઢે ના મરે તેની આંખ ફોઠે જીવ જાયરે.   ૨૧
પડી પણ ભાગી નહી કટકા થયા બે ચાર,
વગર પાંખે ઉડી ગઇ તમે પંડીત કરોને વીચારરે.   ૨૨
અગની કુંડમાં નીસર્યાં ભમર કુંડમાં નહાય,
પંડીતો પુછે પંડીતને ફુલ વેલાને ખાયરે.   ૨૩
કર વીના જે કામની મુખ વિના જે દાંત,
મુવેલા જીવતાને ગળે, તમે મોકલાવો ગુણીયલ કંથરે.   ૨૪
રાધા તારાં રૂસણું જેમ આટામાં લુણ.
કૃષ્ણ સરીખા નાવલીયા તને દહાડો મનાવે કુણરે.   ૨૫
જેને ઘેર પવત ન સંચરે જેની છાંયાએ ન બેસે કોય,
તે ફળ તો મોકલાવજો મારે એકાદશી વરત હોયરે.   ૨૬
ઉભો નર નીંદા કરે ઝાકળ તડકા ખાય,
જેની મુછે માતી નીપજે તમે ચતુર કરોને વીચારરે.   ૨૭

શેરી ખરી પણ સાંકડી, ને નગર પાસેજ પણ દુર,
પરણ્યા પણ નહી નીવડો મારૂ જોબન જાય ભરપુ રે.
ઉંચી ડોકના સારીંગડા, મધુરા મધુરા ન બોલ;
હમે હઇયાનાં જારવાં, મારૂં જોબન કરે છે જોરરે. ૨૯
વેંત જેવડી વરખડી ઢાલ જેવડું ફુલ,
કાચાં કમળ ઉતરે તેનું પાકે રાયે મુલ. ૩૦
તનનાં કરૂં ત્રાજવાં મનનો કરૂ બજાર,
હઇયાની કરૂં હાટડી, હુ તો વણુજ કરૂ વેપારરે. ૩૧
કુવા ઢાંકણુ ઢાંકણું ખેતર ઢાંકણુ વાડ,
બાપનું ઢાંકણુ બેટડો ઘરનું ઢાંકણુ નારરે. ૩૨

પંદર તથો.

હરી હઠ મેલને રાધે મેરી સંગ બોલને રાધે, અબોલા બોલને રાધે
ઘુમટડા ખોલને રાધે કહ્યા માનને રાધે,
પડવે મારી સાહેલડી મેઉજી વાડીયે જાય,
પેઉજી લાવે દાડમ મોરી લોલેને પે જી ખાય. હરી. ૧
બીજે મોરી સાહેલડી. બાગોજ ઉગ્યો છે ચંદ.
દાડમ કેરે દંતડે મોરો બાશો માંડયો છે ફંદ. હરી.
ત્રીજે મોરી સાહેલડી તરીયાજ વારે વાર,
આ શું ભુલી સુંદરી ભુલી કકુને કાજળ સાર. હરી. ૩
ચોથે ચમકતી મેં સુણી જોબન બાળે વેશ.
ભર જોબનમાં એકલી જેના પેઉજી ગયા પરદેશ. હરી. ૪
પાંચમે મોરી સાહેલડી પંથ પતંગ કંસ દુર;
ભરજોબનમાં એકલી જેના પેઉજી ગયા પરદેશ. હરી. ૫
છઠે મોરી સાહેલડી છઠાજ વારોવાર;

પરદેશી રાજ પધારશે આપણુ બેશીશુ હારોહાર. હરી. ૬
સાતમે મોરી સાહેલડી રાતેજ કીધો સ્નેહ,
ચોમાશાની રત ચીકણી ઝીણી ઝરમર વરશે મેહ. હરી. ૭
આઠમે મોરી સાહેલડી આ જ જોડાજોડ,
પરદેશી રાજ પધારશેઆંપણુ બેશીશું મોડામોડ. હરી. ૮
નોમે મોરી સાહેલડી નવલાજ પહેરૂ ચીર,
દીપક લઇ મેડ ચડુ નયણે વછુટયાં નીર. હરી. ૯
દશમે મોરી સાહેલી દસરા પુજવા જાય.
પુજ્યા તે વર પામીયા મારા રાયજાદા ભરથાર. હરી. ૧૦
અગીયારસે મોરી સાહેલડી મેં કીધી શીવરાત,
પરોઢીયે ઉઠી પારણાં કરૂ કૃષ્ણ જોવાની ઘણીખાંત. હરી. ૧૧
બારસ મોરી સાહેલડી મેં બારેજ બાંધ્યો બંધ,
કસનારા નર કશી ગયા, એતો દી ન છુટે બંધ. હરી. ૧૨
તેરસે મોરી સાહેલડી, વાદળ વાધ્યો રંગ,
ઓસડની મુળી એક છે, મને કમીયા કૃષ્ણ બોરંગ. હરી. ૧૩
ચઉદશે મોરી સાહેલડી પાસા લીધા હાથ,
મેં જાણ્યું પડશે પાધારા, જતો ગડીયા છે બારેવાટ. હરી. ૧૪
પુનમે મોરી સાહેલડી, પુરીજ કરશો આજ,

લાવણી બીજી.

ઓ ભગવાન પતીના દાન નથી કાંઈ સાન જનમ કે કાઢું, હુ નાના કંથની નાર દુખ કાઢું. પરણાવી મારે બાપ પોતાને હાથ કજોડા સાથે મને દુખ દરીયામાં ઠળી પડયું દુખ માથે. ૧ હું આવી સાસરા માંય કંથને ત્યાંય જગતને ધારે પરણ્યાં પછી વરસો ચાર થયાં છે જ્યારે. ૨

ઝુલ.

મારે સાસુડીનું સાલ નણુંદ દે ગાલી, જેને કંથ તણું નહીં માન, વેને દુખ ભારી; કોઈ સખીયો ભેગી થાય પાણીને આરે સહુ મારી ચરચા કરે, કંથની ત્યારે; મારા બાળ કંથને જોઈ હસે સહુ કોઇ દુખનો દરીયો. ઓ ભગવાન૦ ૧ હું ગઇ પતીની પાસ, હેતની આશ, દેખી નાસે છે. જો ઝાલું જમણો હાથ ચીસ પાડે છે હું નવ જોબન છું નાર, ખરે આ વાર છબીલી નારી, મુઓ જાણે નહી કાંઇ રીત, કરે છે ભારી.

ઝુલ.

હું સુખ કરૂં ઓ બાપ દુખડું દે છે; મારે હઈયે હેળી બળે દુખી દીલ રહે છે. મને ગમે નહી શણગાર શરીરે સજવા; વળી ભોજન વેળા પાક, ગમે નહી જમવા, મને વરસ થયાં છે સોળ જોબન ઝકઝોળ જુવાની મારી, પીટયો એ છે નાનું બાળ વરસ દસ બારી. ઓ ભગવાન. ૩ મારે બાપે મને આ બાળ; સોંપ્યો તતકાળ સારૂ નવ કીધું; એ બાળકડાની સંગ કન્યાદાન દીધું. જે બેટીને વળી માય દોરે ત્યાં જાય કશું નવ ચાલે જેમ હત્યારાઓ બળદ કસાઇને આલે.

ઝુલ.

તેમ પીતા માહરે કરી, મને દુખદારી, એ ફેર ગયો તે,
મરી ફરી દુખ કારી, છાતીમાં ભડકા બળે કરૂં શું શેખી;
હું લાજી મરૂં છું નાના કંથને દેખી, જેવું ચંદ્ર તણું છે તેજ,
એવું મુજ તેજ કોમળ છું અંગે, મુવો લાયક એતો નથી.
માહરી સંગે, ઓ ભગવાન. ૪ જેવી કંથ વીનાની નાર,
એવી આ વાર, મને પણ જાણો; હું પડી કથીરની સંગ.

મોતીનો દાણો, મારે વહે ચક્ષુએ નીર ભીજે છે ચીર
ચોળી પણ ભીજે, એ બાળ કંથને જોઈ, દીલ નવ રીઝે.

ઝુલ.

વળી સાસુ મારે બોલ, ઘણેરા મુજને તુ પજાવેછે મુજ
બાળ થયું શું તુજને, મારો જીવ બળે છે રોજ, કરૂ શું બાઇ,
બાઈ, સગી નણદીને હું કહું, મારો તુજ ભાઈ શું કરૂં
ઈશ્ચ ઓ હાય હવે શું ઝેહેર ખાઈ મરવું. પડી દુખ
દરીયાની માંય રહ્યું છે રડવું. ઓ ભગવાન. ૪ મારૂ મન
થાય છે ખાખ, ઉડે જેમ રાખ, જનમ શીદ આપ્યો, પ્રભુ
મારે કરમે ક્યાં પીટયાને થાપ્યો. મેં કરયાં નથી કાંઈ પાપ
જગતના બાપ. ગુન્હો શો પડાયો, તેં મુજ અબળાને કાજ,
એવો ક્યાં ઘડીયો.

ઝુલ.

હું હતી કદી વીધવાતો આથી સારૂ, ... જોઇ ફોકટનો
કંથ બળે મન મારૂ, ઘણું થાય છે ચીત રમવાને જારી,
પણ રહુંછું અટકી લાજ કુલની ધારી, મને ઘણો
કામનો તાપ કહુંછું આપ, નથીરે ખમાતુ, મારૂ વીર્ય પીડા
કરે, નથીરે દબાતુ; ઓ ભગવાન. ૫ હું જઉ મહીયરની
માંય બ્રાતને ત્યાંય નદી કો વારી; મારી ભોજાઇ મારે
બોલ ઘણા દુખકારી, હું મનમાં સમજી રહુ ટુંકારા સહુ
બોલ હાંશીના, હવે કાંઇ નથી ઉપાય વીના ફાંશીના.

ઝુલ.

એ મંથ હવે તો શુણ પતી કર મોટો, તુજ ઘર જોડા
વર તણો પડયો શો ટોટો, મારો પાપી હતો જે બાપ,

પીટયો હત્યારો, તેણે કર્યો નહી વીચાર, જરા કાંઈ સારો.
કહે છે જે કાળીદાસ પ્રભુની પાસ જોયું તું કરજે અબળાની;
અરજ કાનપર ધરજે, ઓ ભગવાન, પતી નાદાન,
નથી કંઇ સાન જનમ કેમ કાઢું હું નાના કંથની નાર,
દુખ ક્યાં કાઢું.

લાવણી ૩ જી.

ભરથાર પ્રાણ આધાર સુખ દેનાર ગયો ક્યાં ઉડી, તુજ
વીના નાથ મારી દશા થઇ ભુંડી તુજવીણ મુજને પ્રાણ,
ગમે નવ જાણ, કર શું હાએ, મુકી મુજને એકલી, ગયો
તું ક્યાં. પ્યારીનું દુખ તેં યાર ધર્યું ન લગાર, ગયો
ક્યાં તું ચાલી, તુજવીણ ગાલની ઉડી ગઇ સહુ લાલી.

લાવણી ૫ મી.

હેલ બલાઉ ચાંદ ગગનમેં સુરત પાક મોતી આલાં, બીરમા
યા મોહના રાણીને મહોબતકા ફાંસાં ડાલા, દીલી શહેરકા તખત
બટાઉ ધન દોલત સારી માયા, બીસ વરસકી ઉમર દરમીયાન, ઇ.
શક બાજમે બીરમાયા, ચાર તરેહકી ચાર વખત પોશાક બની
કંચન કાયા, બાંધી ઢાલ સમશેર સીપાઇ મુસાફરીકા વેસ લીયા,
ગુજરાત અમદાવાદ શહેર દેખકર સીપાઇ બીરમીયા, ધુપકા લેકર દી
આનીસે બેઠ જરી આરામ પાયા.

ઝુલ,

તાલેવનકે બાગ કુવેપર ઘડાભરા મીઠા પાની, સો દોસો બાહે-
ગીમેં ચમક રહી જઉ ચંદાકી ચાંદની, શીર સુનેકા ઘડાઇ જલ ભ-
રનેકુ મોહના રાણી નજર પડા મહાબુસ મુસાફર પછી સાન સોબત

વાની; મંદીલપર શીર પેચ તુરા ફુલ જડાવ મોતનકી, મારા બીર- માયા મોહના રાણીને મહોબતના ફાંસા ડાલા, છેલ બટાઉ મોહના રાણી ભઇ દીવાની ડોલ દેખ ઉસ પછીકા, કીયા રાજા કીયા અ- મારે બાદશાહ જાદા હો કયાકા, અજબ ખુદાને હેર બનાયા જોડા કીસી હક તાલેકા, આગે કહાંસે કહાં જાનેકા મુકામ કીસમત વાલેકા મોહના નીશંક હોકર સંગ છોડ સબ શહેર લોકા, ધમક ચમક કર આઇ સામને બાણુ ચોડયા નેનુકા, ચતુર સાગર આદરસે પુછે કહાંસે આયે પરદેશી, કોન તુમારા બતન ઠીકાના કીસ વસ્તિકે રહેવાશી, કરો ખુલાસા કરકે દીલકી બાત મીઠી ખાસી; કરો બંદગી કબુલ આજકી રેન તુમારી હોઉ દાસી; રંગ બંગલેમેં આરામ કરના નરમ બીછાના ચોખાશા, બોરમાયા મોહના રાણીને મહોબતકા ફાંસા ડાલા છેલબ- ટાઉરે ધોના કુછ ના રખતા દીલમાં, કોલ વચન લેવો મારા; સચકે શીર ખુદા વાલી જુઠેકે દુનીઆના ઘેરા, ઘર ખાવંદ પરદેશ ગયે હે ગુજરી ગએ વરસો બારા. સાસુ બીચારી પડી એકલી માલ ખજાના બોતેરા સુરત દેખકર દીલ લલચાયા હોજો મોહના પયારા લાખ રૂપેકી રમુજ સેજપર ચલો ઉઠો દેખો ડેરા.

ઝુલ.

સહુ ઉડી ગયુ મુખતણુ નુર હો પ્યારા તુજબીણુ નેત્રથી વહે
આંસુંની ધારા ઉરમાળ ગઇ સુકાઇ શકતી નવ કાંઇ લથડીયાં આવે,
અરે ઠીડતાં આંખઓ સુખ દેવણુ ભરથાર જીવન આધાર પયાર કેમ
વાડયો બીજી કોઇ પયારી સાથ પયાર જઇ જોડયો; દીન રાઇ
દુખમાં રહું, કુવામાં પડુ મરૂં કે બુડી તુજ વીના
નાથ મારી દશા થઇ ભુડી દુખમાં કાજ દીપે.

નવ આજ અરે કાંઇ આશ; હું અભાગનીનો હાથ ચડે
કોઇ તારો; પીડે પતી મુજને કામ આકરે જામ નથી
રહેવાતુ આ કામાગ્નિનું કષ્ટ નથી સહેવાતું.

ઝુલ.

આવે નહી આંખની માંહે ઉંઘ લગારે, તમ વગર સ્વામી,
થાય શોચના ભારે કાળજુ કેલાને ખાય. મદા અત્યારે,
ભેટીને દુખ ટાળશો. કહો કંથ કયારે છાંટી અમરત રૂપી
નીર નણુદના વીર જુઓ મરૂં ઝુરી તમ વીના નાથ
મારી દશા થઈ ભુંડી મનમા અતીશે મુઝાઉ બહુ ખીજાઉં
ધરૂ કયણુ ધીરે; તું છાંટ ધીરજનું અને નાથ કુમુ નારે,
સજવ નવ દે શણગાર અરે ભરથાર, સગાં વહાલાં કો,
કયમ ગાળ દુખમાં દીન પધગાજો,

ઝુલ.

નવ મેશ આંખની માંહે આંજલા દેરે નવ શું વું ખાટલાગરે.
એમ સઉ કહેરે મુજ કાન હોઠની કરચુ પણુ મારા
જરવા દીસે શણુગાર વીણુ ઓ પયારા બાવળીઆ જેવા હાથ દીસે
છે નાથ વીનારે ચુડી તુજ વીણુ નાથ માહરી દશા થઇ ભુંડી, મુજ
સહીપનીઓ સરવ ધરીને ગરલ ઠમકતી ચાલે નીજ પતીશું વાતો
કરે હર્ષમાં મહાલે ચાવે નીત્ય પાન સોપારી પ્રાણુને પયારા તે સુખ
જોઇ ચર ચરે છાતી નીત્ય રીહે તે મારી.

સમાપ્ત.